# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref No. PN 2024-25/028 Dt. 16/07/2024

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા Scale - Up Business with TOC Games વિશે સેમિનાર યોજાયો

### થિયરી ઓફ કન્સ્ટ્રેઇન્ટ્સ (અવરોધોના સિદ્ધાંત)ને લાગુ કરીને વ્યવસાયો તેમના ઉત્પાદનની કાર્યક્ષમતામાં સુધારો – વધારો કરી શકે છે અને બિઝનેસને સ્કેલ અપ કરવા અસરકારક રીતે સંચાલન કરી શકે છે : શ્રી જિનેન્દ્ર જૈન

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૧૩ જુલાઇ ૨૦૨૪ના રોજ સાંજે ૪:૦૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે Scale - Up Business with TOC Games વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિષ્ણાંત વકતા તરીકે એન્જીનિયર અને મેનેજમેન્ટ ગ્રેજ્યુએટ શ્રી જિનેન્દ્ર જૈને ઉદ્યોગ સાહસિકોને વ્યવસાયની વૃદ્ધિ માટે TOC (થિયરી ઓફ કન્સ્ટ્રેઇન્ટ્સ)ના ઉપયોગ વિશે માર્ગદર્શન આપ્યું હતું.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના માનદ્ મંત્રી શ્રી નિરવ માંડલેવાલાએ સેમિનારમાં સર્વેને આવકાર્યા હતા. તેમણે સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, TOC એટલે કે થિયરી ઓફ કન્સ્ટ્રેઇન્ટ્સ એ ડો. એલીયાહુ એમ. ગોલ્ડરેટ્ટ દ્વારા વિકસાવવામાં આવી હતી. આ થિયરીને પાવરફુલ મેનેજમેન્ટ ફિલોસોફી માનવામાં આવે છે, જે કોઈપણ પ્રક્રિયામાં સૌથી નિર્ણાયક પરિબળને ઓળખે છે અને તેના પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેને અવરોધોના સિદ્ધાંત તરીકે પણ ઓળખવામાં આવે છે. બિઝનેસના સંદર્ભમાં વાત કરવામાં આવે તો,

જ્યારે આ સિદ્ધાંત વ્યાપાર વૃદ્ધિ માટે લાગુ કરવામાં આવે છે ત્યારે આ સિદ્ધાંત વ્યવસાયની વૃદ્ધિમાં આવતા અવરોધોને દૂર કરવા વ્યવસ્થિત રીતે કાર્ય કરે છે.

શ્રી જિનેન્દ્ર જૈને થિયરી ઓફ કન્સ્ટ્રેઇન્ટ્સ વિશે જણાવ્યું હતું કે, વ્યવસાયની વૃદ્ધિ માટે બાધારૂપ મુશ્કેલીઓને ઓળખવા અને તેને દૂર કરવા માટે થિયરી ઓફ કન્સ્ટ્રેઇન્ટ્સ મદદરૂપ થાય છે. અવરોધોનો સિદ્ધાંત મર્યાદિત ઉત્પાદન ક્ષમતા, બજાર અવરોધ (જેમ કે ગ્રાહકની ઓછી માંગ), નીતિ અવરોધ (જેમ કે બિનકાર્યક્ષમ પ્રક્રિયાઓ)ને સરળતાથી ઓળખે છે. આ સિદ્ધાંત અવરોધોને ઓળખીને વ્યવસાયના વૃદ્ધિ માટે જે મુશ્કેલીઓ હોય છે તેને દૂર કરવા માટે તેમજ વ્યવસાયની કાર્યક્ષમતા વધારવા માટે મદદરૂપ થાય છે.

થિયરી ઓફ કન્સ્ટ્રેઇન્ટ્સ (અવરોધોનો સિદ્ધાંત) અડચણની કામગીરીને ઓપ્ટીમાઇઝ કરવા માટે ધ્યાન કેન્દ્રિત કરે છે. જો ઉત્પાદન ક્ષમતા એ અવરોધ છે તો બિનજરૂરી બાબતોમાં રોકાણ કરવાને બદલે વર્તમાન સંસાધનોમાંથી મહત્તમ ઉત્પાદનને પ્રાથમિકતા આપવાની બાબત પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ ઉપરાંત વધારાના સંસાધનોમાં રોકાણ, ટેકનોલોજીને અપગ્રેડ કરવા અને ઉત્પાદન પ્રક્રિયાઓમાં સુધારો કરવા માટે કાર્ય કરે છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અવરોધોનો સિદ્ધાંત વ્યવસાયની કોઇ એક કે બે બાબતને નહીં પણ તેના સર્વગ્રાહી દૃષ્ટિકોણને પ્રોત્સાહિત કરે છે. આ વ્યાપારના તમામ પાસાઓને સ્કેલિંગ અપના સર્વોચ્ચ ધ્યેયને હાંસલ કરવાની બાબત પર ફોકસ કરે છે. એકંદરે, આ સિદ્ધાંતને લાગુ કરીને, વ્યવસાયો તેમના ઉત્પાદનની કાર્યક્ષમતામાં સુધારો – વધારો કરી શકે છે અને બિઝનેસને સ્કેલ અપ કરવા અસરકારક રીતે સંચાલન કરી શકે છે.

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી સંજય પંજાબીએ વકતાનો પરિચય તથા કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ગૃપ ચેરમેન શ્રી શૈલેષ દેસાઇએ સેમિનારમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરની આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ કમિટીના ચેરમેન ડો. રાકેશ દોશીએ સેમિનારનું સંચાલન કર્યું હતું. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી સંજય ગજીવાલા તથા ઉદ્યોગ સાહસિકો સેમિનારમાં ઉપસ્થિત રહયા હતા. વકતાએ ઉદ્યોગ સાહસિકોના થિયરી ઓફ કન્સ્ટ્રેઇન્ટ્સને લગતા વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયું હતું.